પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ ભરવા
વિદ્યા સહાયકની યોજના
પસંદગીના ધોરણ બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-ઇએમ-૪૪૨-ક,
તારીખઃ- ૩-૯-૨૦૦૪.

સંદર્ભ :-
૧. શિક્ષણ વિભાગનો તા. ૧૧-૬-૯૮નો ઠરાવક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-૧૦૨૭(૯૮)-ક
૨. શિક્ષણ વિભાગનો તા. ૩૧-૮-૯૮નો ઠરાવક્રમાંકઃ- પીઆરઇ-૧૭૯૮-સીસી-૨૯૪-ક
૩. શિક્ષણ વિભાગનો તા. ૨૧-૬-૨૦૦૦નો ઠરાવક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક
૪. શિક્ષણ વિભાગનો તા. ૧-૮-૨૦૦૦નો ઠરાવક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક
૫. શિક્ષણ વિભાગનો તા. ૧-૮-૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-ઇએમ-૪૪૨-ક
૬. શિક્ષણ વિભાગનો તા. ૧-૧૦-૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-ઇએમ-૪૪૨-ક
૭. શિક્ષણ વિભાગનો તા. ૧૨-૨-૨૦૦૪નો અને ૫-૬-૨૦૦૪નો ઠરાવક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક
૮. પ્રાથમિક શિક્ષણ નિયામક ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા ૨-૯-૨૦૦૪ ના પત્ર ક્રમાંક પ્રાશિનિ-૦૪-ક-૧૨૮૬૩

ઠ રા વ

સંદર્ભ-(૧) માં જણાવેલ ઠરાવથી જિલ્લા પંચાયતો, અધિકૃત નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓની પ્રાથમિક શાળામાં વિધ્યાસહાયકોની ભરતી કરવાની યોજના અમલમાં મૂકી છે. રાજ્ય પરીક્ષા બોર્ડ ગુજરાત રાજ્ય ધ્વારા પીટીસી પરીક્ષાના વિષયોમાં ફેરફાર કરવામાં આવતા, સરકારે સંદર્ભ-(૬) માં જણાવેલ ઠરાવથી ધોરણ ૧૨ પછી પી.ટી.સી. પરીક્ષા પાસ કરનાર ઉમેદવારની પી.ટી.સી.ની ગુણ ગણતરીમાં પી.ટી.સી.ના કુલ ગુણના સરવાળામાંથી સમુહ જીવન ૧૦૦ ગુણ, કાર્યે શિક્ષણ ૧૦૦ ગુણ, અને વાર્ષિક શિક્ષણ કાર્યે ૧૦૦ ગુણ એમ કુલ ૩૦૦ ગુણ બાદ કરીને ગુણ ગણતરી કરવાની જોગવાઇ કરી હતી. ત્યારબાદ સંદર્ભ (૭) માં જણાવેલ ઠરાવથી વિધાસહાયકની ભરતી માટેની લાયકાતમાં તાલિમિ સ્નાતકની લાયકાત માન્ય ગણવામાં આવેલી છે.

પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ (૬) ના ઠરાવથી કરવામાં આવેલ ૩૦૦ ગુણ બાદ કરવાની જોગવાઇ આ ઠરાવ રવાના થયાની તારીખથી રદ કરવાનુ સરકાર ઠરાવે છે., અને પીટીસી-તાલીમી સ્નાતક થયેલ ઉમેદવારની પીટીસી અને તાલીમી સ્નાતકમાં મેળવેલ ગુણની ગણતરી કરવાની પધ્ધતી નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

આંતરિક મુલ્યાંકન વત્તા બાહય મુલ્યાંકનના કુલ ગુણની ટકાવારીના ૬૦ (સાઇઠ) ટકા પ્રમાણે ગણતરી કરવાની રહેશે. આ સિવાયની અન્ય ઠરાવેલ જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બચુભાઇ નાયી )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.